ક્રિમી.પરચુરણ અરજી નંબરઃ11642–2024

**આંક–૦૧ ની અરજી લગત હુકમ**

૧). આ કામના અરજદારની અરજી તથા રજુ થયેલ પેપર્સ વંચાણે લીધા. પોલીસ અભિપ્રાય વંચાણે લિધો.

૨). હાલના અરજદારે તેઓની અરજીમાં રજૂઆત કરેલ છેકે, તેઓ અરજીમા જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાઈબર ક્રાઈમનો બનાવ બનેલ જે બનાવમા તેઓની બેંક Baroda Gujarat Gramin Bank ના ખાતા નંબરઃ32360100004436 માંથી રૂા.4997/– ઉપડી ગયેલ હતા જે બાબતે તેઓએ ફરીયાદ નોંધાવેલ હતી જે સબબ સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા સામાવાળાની IDBI Bank ના ખાતા નંબરઃ0896102000015297 માં રૂા.4997/–ભારતીય નાગરીક સુરક્ષા અધિનિયમની કલમઃ૧૦૬ મુજબ ફ્રિઝ કરાવેલ છે જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદાર વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ.આઈ.આર.થયેલ નથી. તેઓને ખુબ જ મોટુ આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપીયાની જરૂર હોય સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે ભારતીય નાગરીક સુરક્ષા અધિનિયમની કલમઃ૧૦૬ મુજબ ફ્રિજ થયેલ રકમ બાબતે યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

૩). સદરહુ અરજી બાબતે પોલીસ અભિપ્રાય મંગાવતા પોલીસ અધિકારીશ્રીએ જણાવેલ છે કે, હાલમાં અરજદાર સાથે સાઈબર ક્રાઈમનો બનાવ બનેલ જેમાં અરજદારના એકાઉન્ટમાંથી અરજદારની અરજી મુજબના નાણાં ઉપડી ગયા હતા જે બાબતે અરજદારે પોતની ફરીયાદ નોંધાવેલ હતી. જે ફરીયાદના આધારે અરજદારના ખાતામાંથી ગયેલ નાણાં પૈકી સામાવાળાના ઉપરોક્ત ખાતામાં તેમના ગયેલ નાણાં પૈકી રૂા.4997/– ભારતીય નાગરીક સુરક્ષા અધિનિયમની કલમઃ૧૦૬ મુજબ ફ્રિઝ કરાવેલ છે જે નાણાં પાછા મેળવવા માટે અરજદારે અરજી કરેલ હોય અને તે સારૂ પોલીસ અભિપ્રાય માંગેલ જે બાબતે તેઓએ જણાવેલ છે કે, અરજદારના નાણાં સામાવાળાના જે ખાતામાં ગયેલ તે બેંક ખાતા બનાવટી હોવાનુ તપાસમાં જાણવા મળેલ છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવો તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓએ પોલીસ સમક્ષ કોઈ વાંધો તકરાર લિધેલ નથી જેથી તે રૂપીયા અરજદારને પરત આપવા તેઓનો અભિપ્રાય થાય છે.

૪). આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકિકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા સદર નાણાં બેંક ખાતામાં ફ્રિઝ કરેલ હોય તેથી રોકડ રકમનાં દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ ભવિષ્યમાં પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ.ગુજરાત રાજ્ય,૨૦૦૩ (૧) જી.એલ.એચ.ના પાના નંબરઃ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય, ન્યાયના વિશાળ હિતમાં નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

– અરજદાર જાનકી વિજયભાઈ ઉકાણીની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

– અરજદારને સદર ગુનાના કામે સીઝ કરવામાં આવેલ રોકડ રકમ રૂપીયા 4997/– (ચાર હજાર નવસો સત્તાણુ) નાં દોઢી રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી આ કેસનો આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરુપે પરત સોંપવામાં આવે છે.

– વધુમાં હુકમ કરવામાં આવે છે કે અરજદાર દ્વારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી પોલીસ અધિકારી દ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેન્કને કરવી તેમજ તેઓને પોલીસ અધિકારી દ્વારા અરજદારે હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની

જાણ મળ્યેથી દિન–૧૦ માં સામાવાળાની બેંક, IDBI Bank ના ખાતા નંબરઃ 0896102000015297 માં રૂા.4997/–અરજદારનાં જે ખાતામાંથી ગયેલા છે તે રકમ ફ્રિજ થયેલ હોય જે અરજદારની બેંક, Baroda Gujarat Gramin Bank ના ખાતા નંબરઃ 32360100004436 જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

**શરતો–**

1. અત્રેની અદાલત જ્યારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણા અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.
2. ઉપરોક્ત ખાતાધારક વ્યક્તિ સદર નાણા પર ક્લેઇમ કરે અને પોતાનો હક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.
3. આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી અરજદારે સદર મુદ્દામાલ રોકડ નાણા અન્ય કોઇને ગીરો, બક્ષીશ કે અન્ય કોઇ રીતે ટ્રાન્સફર કરવા કરાવવા નહી.
4. સદર મુદ્દામાલ રકમનો કોઇ ગુનાહીત કામે ઉપયોગ કરવો/કરાવવો નહી.
5. કોઈ પણ શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરી ની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

હુકમ આજરોજ તા૧૪મી, માહે સપ્ટેમ્બર સને–૨૦૨૪ ના રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાનની લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ શહેર
તા.૧૪–૦૯–૨૦૨૪

(દેવાંગ ચંદ્રવદન રાવલ)
૩૯માંએડી.ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર–૦૯, અમદાવાદ શહેર
જજ કોડ નંબરઃજીજે.૦૧૨૦૯

આર.કે.સોનારા.